ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૬૧/૧૯–૨૦/ 4366 તારીખ : 14 NOV 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. ડાયનામિક સિરામીકસ,**
નવાગામ રોડ, નવાગામ,
થાનગઢ – ૩૬૩ ૫૩૦,
જી.સુરેન્દ્રનગર.
**ફો.નં. (૦૨૭૫૧) ૨૨૨૪૪૪.**

કેસ નં.૬૧/૧૯–૨૦

**વિષય : એચ.ટી. માટે આપેલ એસ્ટીમેટ બીલમાં ચડાવવા અને વ્યાજ માફ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬.૦૯.૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૧૯–૨૦/૩૮૩૮ તા.૩૦/૦૯/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૧૯–૨૦/૩૮૯૭ તા.૦૪/૧૦/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૧૯–૨૦/૪૦૯૬ તા.૧૭/૧૦/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૨૪/૧૦/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૧/૧૯–૨૦** ☜

વાદી :– મે. ડાયનામિક સિરામીકસ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– તા.૨૪.૧૦.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી મહેન્દ્રભાઈ ડી. પંડયા – (મેનેજરશ્રી, મે. ડાયનામિક સિરામીકસ)

પ્રતિવાદી :– શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. ડાયનામિક સિરામીકસ, મુ.નવાગામ–થાનગઢ, જી.સુરેન્દ્રનગરની એચ.ટી. માટે આપેલ એસ્ટીમેટ બીલમાં ચડાવવા અને વ્યાજ માફ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૬૧/૧૯–૨૦/૩૮૩૮ તા.૩૦.૦૯.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫.૧૦.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી ત્યારબાદ તા.૨૪.૧૦.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદી મે. ડાયનામિક સિરામીકસનાં મેનેજરશ્રી મહેન્દ્રભાઈ ડી. પંડયા તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ LT to HT માટેનું એસ્ટીમેટ ભરપાઈ કરી આપેલ છે પરંતુ તે અગાઉ આ અંદાજપત્રની રકમ બીલમાં ઉધારી નાખેલ અને તેના પર દર મહીને વ્યાજ ચડીને આવે તો તે વ્યાજ માફ કરી આપવા વિનંતી.

૧.૨ માર્ચ–'૧૯ થી ઓગસ્ટ–'૧૯ સુધીનાં બીલમાં વ્યાજ ચડીને આવેલ છે, તો તે માફ કરી આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ડાયનામિક સિરામીક એ એલ.ટી.એમ.ડી. કનેકશન ધરાવે છે તેઓને સપ્લાય કોડ ૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ તેઓની વીજમાંગ ૪ વખત ૫ % થી વધારે વીજમાંગ આવતાં, તેઓને તા.૨૨.૦૬.૧૮ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ આપવામાં આવેલ હતી.

૨.૨ ડાયનામિક સિરામીક ને એચ.ટી. માટે તા.૨૯.૧૦.૧૮ ના રોજ એસ.એન.ડી./ટેક–૨/૧૫૭૭૮ થી એચ.ટી. કનેકશન માટે એસ્ટીમેટ આપેલ હતું અને એસ્ટીમેટમાં જ ૧૫ દિવસની ટાઈમ લીમીટ આપેલ હતી.

૨.૩ ડાયનામિક સિરામીકનાં લેઝરમાં એસ્ટીમેટની રકમ રૂા.૫,૮૩,૩૯૦/– તા..૦૬.૧૨.૧૮ ના રોજ ડેબીટ કરવામાં આવેલ છે.

૨.૪ ડાયનામિક સિરામીકનાં લેઝરમાં એસ્ટીમેટની રકમ રૂા.૫,૮૩,૩૯૦/– ડેબીટ કર્યા બાદ ગ્રાહકનું જાન્યુ–૧૯ નું બીલ ૪,૫૦,૫૧૩.૫૬ આવેલ અને તેની બીલ ગ્રાહકે ભરેલ નહી. ત્યારબાદ ફેબ્રુ–૧૯ થી આગળના મહીનાનું એટલે કે જાન્યુ–૧૯ નું બીલ ભરે અને ચાલુ બીલ (ફેબ્રુ–૧૯) ભરવાનું બંધ કરેલ એટલે ડી.પી.સી. દરેક મહીને આવેલ હાલમાં સપ્ટે–૧૯ બીલ બન્યા બાદ ગ્રાહક પાસેથી પીજીવીસીએલનાં ૮,૬૨,૧૦૭.૧૫ રૂપિયા લેવાના નીકળે છે.

૨.૫ ગ્રાહક પાસેથી એલ.ટી. બીલીંગમાં જે ડી.પી.સી. આવેલ છે તે ગ્રાહકે બીલ ૩૦ દિવસ બાદ ભર્યા ત્યારબાદનું અને ટેરીફમાં દર્શાવેલ નિયમ મુજબનું છે.

૨.૬ ડાયનામિક સિરામીક દવારા એચ.ટી. એસ્ટીમેટ તાજેતરમાં એટલે કે ૧૬.૦૯.૧૯ ના રોજ રૂા.૫,૮૩,૩૯૦/– ભરપાઈ થયેલ છે. જે ગ્રાહકનાં લેઝરમાં ક્રેડીટ કરવામાં આવશે. ત્યારબાદ પણ રૂા.૨,૭૮,૭૧૭.૧૫ (૮,૬૨,૧૦૭.૧૫ – ૫,૮૩,૩૯૦) ગ્રાહક પાસેથી પીજીવીસીએલ ડી.પી.સી. સાથે વસુલ કરવા હકકદાર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.ડાયનામિક સિરામીક ગામ–થાનગઢમાં LTMD ટેરીફ હેઠળ ૧૦૦ KW નું ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહક નં.૨૭૭૦૪/૦૦૫૩૫/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીનાં ઔદ્યોગિક વીજજોડાણમાં વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન તેનાં કરારીત વીજ માંગ ૧૦૦ KW કરતાં ડીમાન્ડ ૫ % થી વધારે મીટરમાં રેકોર્ડ થયેલ હોય, પ્રતિવાદીએ વાદીને જી.ઈ.આર.સી.નાં નોટીફીકેશન નં.૪/૨૦૧૫ નાં કલોઝ નં.૪.૯૫ મુજબ તા.૨૨..૦૬.૧૮ ના રોજ વાદીને તેઓનાં વીજજોડાણની ડીમાન્ડ વધારી અને H.T. વીજજોડાણ માંગવા માટે અરજી કરવા જણાવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૩ વાદીએ તા.૦૮.૧૦.૨૦૧૮ ના રોજ તેઓનો LTMD વીજજોડાણમાં કરારીત વીજમાંગ વધારી અને ૧૪૦ KVA નું H.T. વીજજોડાણમાં ફેરવવા માટે અરજી કરતાં, પ્રતિવાદીએ તા.૨૯.૧૦.૨૦૧૮ ના રોજ ૧૪૦ KVA નાં એચ.ટી. વીજજોડાણ માટે એસ્ટીમેટ આપેલ, જે એસ્ટીમેટમાં સર્વિસ કનેકશન અને બીજા ચાર્જીસ રૂા.૩,૨૨,૩૯૫/– તેમજ સીકયોરીટી ડીપોઝીટ હેઠળ રૂા.૨,૬૦,૯૯૫/– ની રકમ એટલે કે, કુલ રૂા.૫,૮૩,૩૯૦/– ભરપાઈ કરવાની થતી હતી. પ્રતિવાદીએ આપેલ અંદાજપત્રની સમયમર્યાદા અંદાજપત્રની તારીખથી એક માસ દરમ્યાન વાદીએ ભરવાની થતી હતી, જે વાદીએ ભરપાઈ કરેલ નહી તેમજ આજરોજ સુનાવણી દરમ્યાન વાદીને પુછતાં તેઓએ અંદાજપત્રની રકમ ભરવાની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીને કોઈ અરજી આપેલ નહી.

૩.૪ વાદી તરફથી સમયમર્યાદામાં અંદાજપત્ર ભરપાઈ ન થવાથી, પ્રતિવાદીએ જી.ઈ.આર.સી.નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ કાર્યવાહી કરી, વાદીનાં વીજબીલનાં એકાઉન્ટ માં સીકયોરીટી ડીપોઝીટની રકમ તેમજ બીજા ચાર્જીસ એટલે કે રૂા.૫,૮૩,૩૯૦/– ડીસે.–'૧૮ માં ઉધારેલ.

૩.૫ વાદીએ અંદાજપત્રની રૂા.૫,૮૩,૩૯૦/– ની રકમ તથા તેના પર લગાડેલ ડીલે પેમેન્ટ ચાર્જ, પ્રતિવાદીની કચેરીમાં તા.૧૬.૦૯.૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૬ વાદીએ ફોરમને અંદાજપત્રની રકમ પર પ્રતિવાદીએ લગાડેલ ડી.પી.સી. માફ કરવા માટે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૭ ઉપરોકત તારણ નં.૩.૪ અને ૩.૫ મુજબ પ્રતિવાદીએ વાદીનાં LTMD વીજજોડાણને H.T. વીજજોડાણ ૧૪૦ KVA નું કરવા માટે કરેલ કાર્યવાહી જી.ઈ.આર.સી.નાં સપ્લાય કોડ મુજબ હોય તેમજ વાદીએ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે કોઈ અરજી કરેલ ન હોય તેમજ પ્રતિવાદીએ અંદાજપત્રની રકમ ન ભરવાથી ડીસે–'૧૮ માં રૂા.૫,૮૩,૩૯૦/– ની રકમ ડેબીટ કરેલ અને તા.૧૬.૦૯.૧૯ ના રોજ તે રકમ ભરાતાં, પ્રતિવાદીએ અંદાજપત્રની રકમ તેમજ ડી.પી.સી. ક્રેડીટ આપેલ, જે યોગ્ય અને સપ્લાય કોડ મુજબની કાર્યવાહી છે આથી વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

તારીખ :– ૨૪.૧૦.૨૦૧૯

૩.૩ વાદીએ તા.૦૮.૧૦.૨૦૧૮ ના રોજ તેઓનો LTMD વીજજોડાણમાં કરારીત વીજમાંગ વધારી અને ૧૪૦ KVA નું H.T. વીજજોડાણમાં ફેરવવા માટે અરજી કરતાં, પ્રતિવાદીએ તા.૨૯.૧૦.૨૦૧૮ ના રોજ ૧૪૦ KVA નાં એચ.ટી. વીજજોડાણ માટે એસ્ટીમેટ આપેલ, જે એસ્ટીમેટમાં સર્વિસ કનેકશન અને બીજા ચાર્જીસ રૂા.૩,૨૨,૩૯૫/– તેમજ સીકયોરીટી ડીપોઝીટ હેઠળ રૂા.૨,૬૦,૯૯૫/– ની રકમ એટલે કે, કુલ રૂા.૫,૮૩,૩૯૦/– ભરપાઈ કરવાની થતી હતી. પ્રતિવાદીએ આપેલ અંદાજપત્રની સમયમર્યાદા અંદાજપત્રની તારીખથી એક માસ દરમ્યાન વાદીએ ભરવાની થતી હતી, જે વાદીએ ભરપાઈ કરેલ નહી તેમજ આજરોજ સુનાવણી દરમ્યાન વાદીને પુછતાં તેઓએ અંદાજપત્રની રકમ ભરવાની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીને કોઈ અરજી આપેલ નહી.

૩.૪ વાદી તરફથી સમયમર્યાદામાં અંદાજપત્ર ભરપાઈ ન થવાથી, પ્રતિવાદીએ જી.ઈ.આર.સી.નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ કાર્યવાહી કરી, વાદીનાં વીજબીલનાં એકાઉન્ટ માં સીકયોરીટી ડીપોઝીટની રકમ તેમજ બીજા ચાર્જીસ એટલે કે રૂા.૫,૮૩,૩૯૦/– ડીસે.–'૧૮ માં ઉધારેલ.

૩.૫ વાદીએ અંદાજપત્રની રૂા.૫,૮૩,૩૯૦/– ની રકમ તથા તેના પર લગાડેલ ડીલે પેમેન્ટ ચાર્જ, પ્રતિવાદીની કચેરીમાં તા.૧૬.૦૯.૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૬ વાદીએ ફોરમને અંદાજપત્રની રકમ પર પ્રતિવાદીએ લગાડેલ ડી.પી.સી. માફ કરવા માટે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૭ ઉપરોકત તારણ નં.૩.૪ અને ૩.૫ મુજબ પ્રતિવાદીએ વાદીનાં LTMD વીજજોડાણને H.T. વીજજોડાણ ૧૪૦ KVA નું કરવા માટે કરેલ કાર્યવાહી જી.ઈ.આર.સી.નાં સપ્લાય કોડ મુજબ હોય તેમજ વાદીએ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે કોઈ અરજી કરેલ ન હોય તેમજ પ્રતિવાદીએ અંદાજપત્રની રકમ ન ભરવાથી ડીસે–'૧૮ માં રૂા.૫,૮૩,૩૯૦/– ની રકમ ડેબીટ કરેલ અને તા.૧૬.૦૯.૧૯ ના રોજ તે રકમ ભરાતાં, પ્રતિવાદીએ અંદાજપત્રની રકમ તેમજ ડી.પી.સી. ક્રેડીટ આપેલ, જે યોગ્ય અને સપ્લાય કોડ મુજબની કાર્યવાહી છે આથી વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એન. આજકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૪.૧૦.૨૦૧૯